ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
## GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.સ્કોલરશીપ સેલ/ઉ.શિ.ક.-ફ્રીશીપ-કાર્ડ/57047/૨૦૨૪

તા. ૨૩/૦૭/૨૦૨૪
31/07/2024

પ્રતિ,

૧. યુનિવર્સિટીના ભવનોના ડાયરેક્ટરશ્રીઓ...
૨. યુનિવર્સિટીના વિભાગોના વડાશ્રીઓ...
૩. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ...
૪. યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓ...

વિષય: અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના ફ્રીશીપ કાર્ડ બાબત.
સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, શિષ્યવૃતિ શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦ ના પત્રાંક જા. નંબર: હ-૨/સ્કો/૨૦૨૪/૨૭૧૩-૧૪, તા.૨૧-૦૬-૨૦૨૪, પત્ર મળ્યા તા.૨૩-૦૬-૨૦૨૪.

માનનીય સાહેબ શ્રી,

ઉપરોકત વિષય તથા સ્વયં સ્પષ્ટ સંદર્ભિત પત્ર સંદર્ભે આપેલ સૂચનાઓનું ચુસ્તપણે આદેશાનુસાર પાલન કરવા વિનંતી.

આભાર,

31/07/2024

કુલસચિવ વતી

બિડાણ :- ઉપર મુજબ.

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
શિષ્યવૃત્તિ શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડો.જીવરાજ મહેતા ભવન,ગુજરાત
રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

જા.નંબર : હ-૨/સ્કો/૨૦૨૪/૨૭૧૬-૧૭ તા.૨૪/૦૬/૨૦૨૪

પ્રતિ,
રજીસ્ટારશ્રીઓ,
તમામ યુનિવર્સિટીઓ,
ગુજરાત રાજય

**વિષય - અનુસૂચિત જાતિના વિધાર્થીઓના ફ્રી શીપ કાર્ડ બાબત**

નિયામકશ્રી ,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના પત્ર ક્રમાંક- અજાક/ગ-૧/૬/૨૦૨૪-૨૫/૧૮૨૭-૧૮૬૦ ના તા.૧૨-૦૬-૨૦૨૪ ની સુચનાનુસાર અનુસૂચિત જાતિના વિધાર્થીઓના ફ્રી શીપ કાર્ડ બાબતે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિનો લાભ આપવા જણાવેલ છે .

કેન્દ્ર સરકારશ્રીની તા-30-03-૨૦૨૧ ના ફાઇલ નં-૧૪૦૧૧/૦૪/૨૦૧૯-SCD-V-(Part-1)થી પ્રસિદ્ધ થયેલ ગાઇડ લાઇન મુજબ અનુસૂચિત જાતિના વિધાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક અભ્યાસ માટે શિષ્યવૃતિનો લાભ આપવામાં આવે છે જેમાં શિક્ષણ વિભાગના તા.૨૧-૦૮-૨૦૨૩ના ઠરાવ ક્રમાંક-સસક /૧૦૧૩/૫૪૯/છથી અનુસૂચિત જાતિના વિધાર્થીઓ માટે રાજ્યની જુદી-જુદી ફાઇનાન્સ કોલેજો/સંસ્થા/પ્રાઇવેટ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો માટે ફ્રી શીપ કાર્ડ અંગેની યોજના અમલમાં છે.

કેન્દ્ર સરકારશ્રીની ઉકત પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને તેમના જિલ્લામાં આવેલી નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી ધ્વારા ફ્રી શીપ કાર્ડ આપવામાં આવે છે.આવા ફ્રી શીપ કાર્ડ ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે તથા આગળના શૈક્ષણિક વર્ષોની શરૂઆતમાં તેમના અભ્યાસક્રમ માટે નિયત થયેલી શિક્ષણ ફ્રી ભરવાની રહેતી નથી તેઓના કોલેજમાં પ્રવેશ થઇ ગયા પછી વિદ્યાર્થી ધ્વારા ડીજીટલ પોર્ટલ પર પ્રતિવર્ષ શિષ્યવૃતિ માટે ઓનલાઇન અરજી કરવાની રહે છે જે અરજી જિલ્લા કચેરી ધ્વારા નિયમોનુસાર કાર્યવાહી કરી વિદ્યાર્થીને ડીબીટી માધ્યમથી શિષ્યવૃતિની આધારબેઝ ચુકવણી કરવામાં આવે છે પરંતુ યુનિવર્સિટીમાં ફ્રી શીપ કાર્ડ હોવા છતાં વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપવામાં આવતો હોવાની રજૂઆતો મળે છે તેમજ વિદ્યાર્થીઓને ફ્રી જમા કરાવવા માટે દબાણ કરવામાં આવે છે જેથી ઉકત યોજનાનો હેતુ સિદ્ધ થતો નથી તેમજ વિદ્યાર્થીઓને આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

આમ,શિક્ષણ વિભાગના ઠરાવનું ચુસ્તપણે પાલન કરવા બાબતે તથા ફ્રી શીપ કાર્ડ ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષોની શરૂઆતમાં પ્રવેશ સમયે ફ્રી જમા કરાવવા માટે દબાણ ન કરવા તેમજ શિષ્યવૃતિ પ્રાપ્ત થયા પછી ફ્રી ની વસુલાત કરવા જરૂરી સુચના આપવા જણાવવામાં આવે છે

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુ. રા. ગાંધીનગર.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

બિડાણ :- નિયામકશ્રી ,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના પત્રની નકલ અને ઠરાવ

સવિનય નકલ રવાના- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોક નં- ૪/૨, ગુ.રા. ગાંધીનગર